**અમદાવાદના મહે. એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૨ માં.**

ક્રિ.કેસ નં.૫૦૭૯૫/૧૮
આંક:૦૯

ફરીયાદી :- સ ર કા ર શ્રી.

વિરૂધ્ધ

આરોપી :- ભાવેશભાઈ ગોકુળભાઈ બાવીશકર
રહે.સેકટરઃ ૨, ક/૨૮૪ ,હાથીજણ, તા.દસક્રોઈ
જી.અમદાવાદ.
બાબત :-ધી ઈ.પી.કોડની કલમ:૨૭૯,
એમ.વી.એકટ કલમ: ૧૭૭,૧૮૪ , મુજબ.

---

ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી .આર.એચ.જૂરાણી
આરોપી પક્ષ તરફે વિધ્વાન વકીલ શ્રી. એસ.એન.નાડીયા.

## ચુ કા દો

૧. આરોપી સામેના ફરીયાદ પક્ષના કેસની હકીકત ટૂંકમાં એવી છે કે આ કામના આરોપીએ , તા.૨૬/૫/૧૮ ના કલાક:૧૬-૩૦વાગે મોજે સ્વામીનારાયણ મંદીર સામે, મહેમદાવાદ રોડ, હાથીજણ ખાતે પોતાની સી.એન.જી.રીક્ષા નં. જી.જે. ૧, બી.યુ. ૨૭૨ ની રોડ ઉપર આમથી તેમ ડાબી જમણી સાઈડે ગુમાવી લોકોની જાનને જોખમમાં મુકાય તેવી રીતે બેફામ અને બેદરકારી રીતે પુરઝડપે ચલાવી લાવેલ હોય , તે મતલબની ફરીયાદીએ,ફરીયાદ નોંધાવતાં પોલીસે ગુન્હો નોંધી, જરૂરી પોલીસ તપાસ પુરી કરી આરોપી સામે પુરતો પુરાવો મળી આવતાં ઉપરોકત ગુનાનું ચાર્જશીટ ઈન્સાફી કાર્યવાહી માટે રજુ કરવામાં આવેલ છે.

૨. આરોપી ના.અદાલત રૂબરૂ હાજર થતાં તેઓને, તેમની સામેના પોલીસ તપાસના કાગળોની

નકલો વિનામૂલ્યે આપવામાં આવેલી છે.ત્યારબાદ ફરીયાદ પક્ષે કરવામાં આવેલા આક્ષેપોની વિગતવાર સમજુતી આપ્યા બાદ આંક: ૪ થી આરોપીનો જવાબ લેતાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરેતાં સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી છે.

૩. ફરીયાદ પક્ષના પુરાવાના તબકકે આંક:૫ થી પંચશાહેદ શરીફખાન અનવરખાન પઠાણ નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ ધ્વારા આંક:૬ થી પંચનામું રજુ રાખવામાં આવેલ છે. આંક:૭ થી ફરીયાદી પોપટભાઈ હકસીભાઈ નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ ધ્વારા આંક:૮ થી ફરીયાદ રજુ રાખવામાં આવેલ છે. આ સિવાય ફરીયાદ પક્ષ તરફથી અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો નથી.

૪. સદર કામે આરોપીનું સી.આર.પી.સી.ક.૩૧૩ હેઠળ વધારાનું નિવેદન નોંધવા યોગ્ય પુરાવો જણાતો નહોય , આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ: ૩૧૩ મુજબનું વધારાનું નિવેદન નોંધવામાં આવેલ નથી.

૫. સદર કામે ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે તેમના વિ.વ.શ્રીને સાંભળવામાં આવેલા છે.

૬. ઉપરોકત હકીકતોના આધારે પ્રસ્તુત ફરીયાદના આખરી નિર્ણય સારૂ મારી દ્રષ્ટિએ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>મુ દ્દા</u>**

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે એ હકીકત સાબિત કરે છે કે બનાવની તારીખે, સમયે અને સ્થળે આ કામના આરોપીએ ધી ઈ.પી.કોડની ક.૨૭૯,એમ.વી.એકટની કલમ: ૧૭૭, ૧૮૪, મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલો છે ?

૨. આખરે શું હુકમ ?

૭. ઉપરોકત મુદ્દાઓના મારા જવાબો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

૮. ઉપરોકત મુદ્દાના જવાબો માટેના મારા કારણો નીચે મુજબ છે.

**કા ર ણો**

૯. **મુદ્દા નંબર ૧ અને ૨ :–** આ બંને મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય સુવિધા ખાતર તેની સંયુકત ચર્ચા નીચે મુજબની કરવામાં આવેલી છે.

૧૦. હવે આ કામે ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં આંક:,૫ થી શાહેદ શરીફખાન અનવરખાન પઠાણ જુબાની આપી આંક:૬ વાળા પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવે છે. તેઓ તેમની જુબાનીમાં તેઓ રીક્ષા લઈ મહેમદાવાદ રોડ , સ્વામીનારાયણ મંદીર પાસે ઉભા હતા ત્યારે પોલીસે આવીને તેઓની તૈયાર કાગળોમાં સહી લીધેલી. આ સિવાય તેઓ કાંઈ જાણતા નથી. જયારે બચાવ પક્ષે કરેલ ઉ.ત.માં તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે પોલીસે તેઓની તૈયાર કાગળોમાં સહી લીધેલી. તેઓ જયારે હાજર હતા ત્યારે બીજા કોઈ ઈસમ કે પંચે સહી કરી હોય તેવું બનેલ નહી. ફરીયાદ પક્ષે તેઓને ફરી ગયેલા શાહેદ જાહેર કરવામાં આવેલ છે.

તેવી જ રીતે જયારે આ કામના ફરીયાદી તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં બનાવ સમયે તેઓ વાહન ચેકીંગમાં હતા ત્યારે આ કામના આરોપી તેઓના કબજાની સી.એન.જી રીક્ષા , તેઓના , તથા લોકોના જાન ને નુકશાન થાય તેમ ચલાવી લાવતા હોય પંચો રુબરુ નામઠામ પુછતાં તોઓનું નામ: ભાવેશભાઈ ગોકુળભાઈ હોવાનું જણાવેલ. તેઓએ બનાવ અંગેની વિગતવારની ફરીયાદ આપેલ. ફરીયાદ આકં: ૮ થી રજુ છે તેમાં તેઓની સહી ઓળખી બતાવે છ. જયારે બચાવ પક્ષે કરવામાં આવેલ ઉ.ત.માં તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે સદર કામે તેઓએ કોઈ સ્વતંત્ર શાહેદોના નિવેદનો લીધેલ નથી. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે બનાવ સ્થળે ઘણા વાહનોની અવર જવર હોય છે. અને ખુબજ ટ્રાફીક

હોય છે. આમ સમગ્ર પુરાવો વંચાણે લેતાં જયારે ફરીયાદી તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં કબુલ કરતાં હોય કે તેઓએ કોઈ સ્વતંત્ર શાહેદોના નિવેદન નોંધેલ નથી. જેથી સ્વતંત્ર શાહેદોના પુરાવા સિવાય રેકર્ડ ઉપર રજુ થયેલ ફરીયાદી ના પુરાવાને કોઈ સમર્થન પ્રાપ્ત થતું નથી. જે પંચશાહેદ તપાસવામાં આવેલ છે તે ફરી ગયેલા શાહેદ છે. અને તેઓની રુબરુમાં કોઈ પંચનામું કરવામાં આવેલ હોય કે કોઈ ચીજવસ્તુ કબજે કરવામાં આવેલ હોય તેવું બનેલ નહી તેમ જણાવે છે . આમ સ્વતંત્ર શાહેદોના પુરાવા સિવાય ફરીયાદ પક્ષ પોતાનો કેસ રેકર્ડ ઉપરના પુરાવાથી નિ:શંકપણે સાબીત કરી શકેલ નહોઈ , મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી , મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–: હુ ક મ :–

આ કામના આરોપી:ભાવેશભાઈ ગોકુળભાઈ બાવીશકર ,રહે.સેકટર: ૨, ક/૨૮૪ ,હાથીજણ, તા.દસક્રોઈ ,જી.અમદાવાદ. નાઓને . ક્રિ.પ્રો.કોડની કલમ: ૨૫૫(૧) અન્વયે ઈ.પી.કો.કલમ: ૨૭૯, તથા એમ.વી.એકટની કલમ:૧૭૭,૧૮૪, મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવીને છોડી મુકવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

આરોપી ના જામીન તથા પર્સનલ બોન્ડ અપીલ સમય સુધી લંબાવવામાં આવે છે.

હુકમ આજ તા.૩૦ મી માહે જુન સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

*( એસ.એમ.સોલંકી )*
*એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,*
*કોર્ટ નં.૧૨, અમદાવાદ.*
*GJ00514*